**ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ,**
**બોર્ડ નિગમ વિસ્તાર, સેકટર-૧૦એ, ગાંધીનગર**
**ટૂંકી મુદતની જાહેર નિવિદા**

**મહાનગરપાલિકાઓ-નગરપાલિકાઓમાં જરૂરિયાત મુજબ મિલકતોની માપણી તથા આનુસાંગિક કોમ્પ્યુટરાઇઝેશન કામગીરી અંગે સક્ષમ અને અનુભવી સર્વે કરનાર એજન્સીઓને રસ દાખવવા આમંત્રણ**

ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા ગુજરાતની તમામ મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓમાં જરૂરિયાત મુજબ ક્ષેત્રફળ આધારિત મિલકત માપણી તથા આનુંસાંગિક કોમ્પ્યુટરાઇઝેશન કામગીરી અંગે સર્વે કરનાર એજન્સીઓની પેનલ બનાવવા નક્કી થયેલ છે. આ અંગેની કામગીરી માટે ઈચ્છુક સક્ષમ અને અનુભવી સર્વે કરનાર એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે ટેન્ડર ફોર્મ તથા શરતો સહિતની કામગીરીની સંપુર્ણ વિગતો **www.gmfb.in** પરથી ડાઉનલોડ કરી મેળવી શકાશે અથવા રૂબરૂમાં કચેરીના ઉપરોકત સરનામે થી કચેરી કામકાજના સમય દરમ્યાન મળી શકાશે.

ભરેલ સીલબંધ ટેન્ડર કવરો જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૨૧ દિવસની અંદર કુરીયર કે સ્પીડ પોસ્ટથી ઉપરના સરનામે મોકલી આપવાના રહેશે.

**મુખ્ય કારોબારી અધિકારી**
**ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ**

**પ્રસ્તાવનાઃ**

૧૩માં નાણાંપંચની ભલામણો અંતર્ગત શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૨૪/૩/૧૧ના ઠરાવ ક્રમાકઃ- ટીએફસી/૮૦૨૦૧૦/૨૮૦૬/પી કે, જે રાજય સરકારના તા.૨૪/૩/૨૦૧૧ના અસાધારણ રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, તેની જોગવાઈઓ મુજબ સ્ટેટ લેવલ પ્રોપર્ટી ટેક્ષ બોર્ડના કાર્યો બજાવવાની કામગીરી ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડને સુપ્રત કરેલ છે. નોડલ એજન્સી તરીકે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા રાજ્યની મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓમાં નવી ઉમેરાતી મિલકતો કે મૂળ મિલકતના સ્વરૂપમાં ફેરફાર થયેલ મિલકતોના સંબધમાં જરૂરિયાત મુજબ ક્ષેત્રફળ આધારીત મિલકત માપણી સર્વે કામગીરી તથા તેની ડેટા એન્ટ્રીની કામગીરી માટે, સક્ષમ અને અનુભવી એજન્સીઓની જરૂર પડ્યેથી એજન્સીઓ ઉપલબ્ધ રહે તે હેતુથી, એક પેનલ બનાવવા ઠરાવેલ છે. પેનલમાંની એજન્સીઓએ, મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓ દ્વારા, અત્રે આ કામગીરી માટે વિધિવત દરખાસ્ત રજુ થયેથી, અત્રેથી સોંપવામાં આવેલ મહાનગરપાલિકા કે નગરપાલિકા વિસ્તારમાં કામગીરી કરવાની રહેશે. આ કામગીરી માટે રસ ધરાવતી એજન્સીઓને આથી જણાવવામાં આવે છે કે, આ સાથે સામેલ ટેકનીકલબીડ, ફાયનાન્સીયલબીડ અને બાંહેધરીપત્રમાં જરૂરી માહિતી ભરી ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડને, વર્તમાનપત્રમાં આ અંગેની જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી, દિન-૨૧ માં સ્પીડ પોસ્ટથી કે કુરિયરથી મોકલી આપવાની રહેશે.

પેનલમાં પસંદગી યાદી તૈયાર કરવા માટે, એજન્સીઓની તાંત્રિક ક્ષમતાના મૂલ્યાંકન આધારે, તાંત્રિક રીતે સક્ષમ એજન્સીઓના ભાવપત્રકો (ફાયનાન્સીયલ બીડ) ખોલવામાં આવશે. તાંત્રિક રીતે સક્ષમ એજન્સીઓના ભાવપત્રકો (ફાયનાન્સીયલ બીડ) ખોલવા માટેની તારીખ અને સમય અલગથી જણાવવામાં આવશે. આ એમ્પેનલમેન્ટ ત્રણ વર્ષના સમયગાળા માટે છે. પરંતુ પ્રથમ વર્ષની કામગીરીના પરફોર્મન્સના આધારે, બીજા કે ત્રીજા વર્ષ માટે એમ્પેનલમેન્ટમાં ચાલુ રાખવા અંગે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ નિર્ણય કરી શકશે.

**ક્ષેત્રફળ આધારિત મિલ્કત માપણી સર્વે કામગીરી તથા તેની ડેટા એન્ટ્રીની કામગીરી માટેની એજન્સીઓની પેનલની પસંદગી માટેના માપદંડની વિગતો નીચે મુજબ છે.**

| ક્રમ | વિગત | માર્કસનો આધાર | ગુણ |
|---|---|---|---|
| ૧ | સંસ્થાની નોંધણીના વર્ષદીઠ ૧/૨ માર્ક | નોંધણીના પ્રમાણપત્રના આધારે | ૧૦ |
| ૨ | સંસ્થા પાસે ઉપલબ્ધ ટેકનીકલ સ્ટાફ સ્ટાફદીઠ ૧ માર્ક | સ્ટાફનું લીસ્ટ અને પગાર/ મહેનતાણાના ખર્ચના રજુ થયેલ અધિકૃત હિસાબ આધારે | ૧૦ |
| ૩ | સંસ્થા પાસે ઉપલબ્ધ વહીવટી સ્ટાફ સ્ટાફદીઠ ૧ માર્ક | સ્ટાફનું લીસ્ટ અને પગાર/ મહેનતાણાના ખર્ચના રજુ થયેલ અધિકૃત હિસાબ આધારે | ૧૦ |
| ૪ | સંસ્થાની ક્ષેત્રફળ આધારિત મિલ્કત માપણી સર્વે કામગીરી તથા તેની ડેટા એન્ટ્રીની કામગીરીનું કાર્યક્ષેત્ર - જીલ્લાદીઠ ૨ માર્ક | સંબધિત ખાતા/મહાનગરપાલિકા-નગરપાલિકા કચેરીના વર્કઓર્ડર/પ્રમાણપત્રના આધારે | ૪૦ |
| ૫ | સંસ્થાની સ્થાવર જંગમ મિલ્કતની કિંમતના (વધુમા વધુ ૫ – માર્ક) તથા આવક – જાવકની રકમના (વધુમા વધુ ૫ – માર્ક) | વર્ષ ૨૦૦૮ – ૦૯ના સંસ્થાના ઓડીટ રીપોર્ટના આધારે<br>(અ) સ્થાવર અને જંગમ મિલ્કતની કિંમત<br>(બ) આવક – જાવકની રકમ | ૫<br>૫ |
| | | વર્ષ ૨૦૦૯ – ૧૦ના સંસ્થાના ઓડીટ રીપોર્ટના આધારે<br>(અ) સ્થાવર અને જંગમ મિલ્કતની કિંમત<br>(બ) આવક – જાવકની રકમ | ૫<br>૫ |
| | | વર્ષ ૨૦૧૦ – ૧૧ના સંસ્થાના ઓડીટ રીપોર્ટના આધારે<br>(અ) સ્થાવર અને જંગમ મિલ્કતની કિંમત<br>(બ) આવક – જાવકની રકમ | ૫<br>૫ |
| | | કુલ | ૧૦૦ |

# <u>ટેકનીકલ બીડ</u>

**ક્ષેત્રફળ આધારિત મિલ્કત માપણી સર્વે કામગીરી તથા તેની ડેટા એન્ટ્રીની કામગીરી માટેની એજન્સીની વિગત.**

| | | |
|---|---|---|
| ૧ | એજન્સીનું નામ | |
| ૨ | મુખ્ય સંચાલકનું નામ (પાસપોર્ટ સાઇઝનો રંગીન ફોટોગ્રાફ બિડવો) | |
| ૩ | હોદ્દો | |
| | સરનામું | |
| | ફોન નંબર (STD Code સહિત) | |
| | મોબાઈલ નંબર | |
| | ફેક્સ નંબર(STD Code સહિત) | |
| | ઈ-મેઈલ એડ્રેસ | |
| ૪ | એજન્સી કેટલા સમયથી કાર્યરત છે ? | |
| ૫ | એજન્સી રજીસ્ટર્ડ થયેલી હોય તો રજીસ્ટ્રેશન નંબર (પુરાવો આપવો) | |
| ૬ | વ્યવસાય વેરા રજીસ્ટેશન નંબર | |
| ૭ | સર્વિસ ટેક્ષ રજીસ્ટ્રેશન નંબર | |
| ૮ | પ્રોવિડન્ટ ફંડ/ઇએસઆઈ નંબર | |
| ૯ | એજન્સીની બીજી કોઈ શાખા હોય તો તે અંગેની વિગતો આપવી. | |

૧૦ એજન્સીના વહીવટી અને ટેકનીકલ સ્ટાફની માહિતી નીચે મુજબ આપવી.

| નામ | શૈક્ષણિક લાયકાત | હોદ્દો | કેટલા સમયથી એજન્સીમાં કાર્યરત છે ? | | વિશેષ અનુભવ દર્શાવતી વિગતો |
|---|---|---|---|---|---|
| | | | સમયગાળો | વાર્ષિક પગાર રૂ!. | |
| (અ) વહીવટી સ્ટાફ | | | | | |
| | | | | | |
| (બ). ટેકનીકલ સ્ટાફ | | | | | |
| | | | | | |
| | | | | | |

| | | |
|---|---|---|
| ૧૧ | **એજન્સી પાસે કોમ્પ્યુટર, વાહનો વગેરેની માહિતી** | |

**૧૨ એજન્સીએ અગાઉ હાથ ધરેલા ક્ષેત્રફળ આધારિત મિલ્કત માપણીના સર્વે કામો તથા તેની ડેટા એન્ટ્રીના કામો અંગેની માહિતી નીચે મુજબ આપવી**

(સતોષકારક કામગીરીના પ્રમાણપત્રની સર્ટીફાઈડ નકલ બિડવી)

| **ક્રમ** | **પ્રોજેકટનું નામ** | **કલાઈન્ટનું નામ** | **શરૂ કર્યા તારીખ** | **પુરૂ કર્યા તારીખ** | **પ્રોજેકટનું ટુંકમાં વિવરણ** | **કામગીરી અંગેનો વર્કઓર્ડરની વિગત** | **સંતોષકારક કામગીરી અંગેના પ્રમાણપત્રની વિગત** |
|---|---|---|---|---|---|---|---|
| અ | **મિલકત માપણી સર્વે કામગીરી** | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| બ | **ડેટા એન્ટ્રી કામગીરી** | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

**નોધ** : એજન્સીના હયાતિના વર્ષ, લાયસન્સ વગેરે અંગેની સર્ટીફાઈડ નકલ જોડવાની રહેશે. ટેકનીકલ સ્ટાફ, અગાઉ હાથ ધરેલા કાર્ય, શાખા વગેરેની વિગતો વધારે પ્રમાણમાં હોય તો અલગ પત્રકો જોડવા.

**૧૩. છેલ્લા ત્રણ વર્ષના વાર્ષિક ટર્ન ઓવરની વિગતો** (લઘુત્તમ સરેરાશ - ₹. લાખમાં)

૧. વર્ષ ૨૦૦૮-૦૯ સામેલ કરેલ છે **(હા / ના)**

૨. વર્ષ ૨૦૦૯-૧૦ સામેલ કરેલ છે **(હા / ના)**

૩. વર્ષ ૨૦૧૦-૧૧ સામેલ કરેલ છે **(હા / ના)**

**૧૪. અર્નેસ્ટ મની ડિપોઝીટની રકમ ભર્યાની રસીદની વિગતઃ-**

(ક) અર્નેસ્ટ મની ડિપોઝીટની રકમ રૂ.......................!

(ખ) ડ્રાફટ /પે ઓર્ડર નંબરઃ............................. -અને તારીખઃ......................... -

(ગ) બેન્કનું નામઃ................................................. -.......................................

**નોધઃ** - એજન્સી દ્વારા એકવાર સ્વીકારેલ અને ભરાયેલ ભાવો આખરી ગણાશે અને એકવાર ટેન્ડર દ્વારા પસંદગી થઇ ગયા પછી એજન્સી તે ભાવોમાં ફેરફાર કરી શકાશે નહી.

**તા.** ...........................

**સ્થળ** .........................     **સહી** ..............................

**નામ** :...................................................

**હોદ્દોઃ**.....................................................

## ક્ષેત્રફળ આધારિત મિલ્કત માપણી અને સર્વે તેમજ ડેટા એન્ટ્રીની કામગીરી અંગે બાંહેધરી પત્ર

આથી હું / અમે / અમો .................................................. બાંહેધરી આપું છું/આપીએ છીએ કે, રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓની જરૂરીયાત અનુસાર ક્ષેત્રફળ આધારિત મિલ્કત માપણી સર્વે આનુષાંગિક કામગીરી તથા તેની ડેટા એન્ટ્રીની કામગીરી માટે અમારી એજન્સી એમપેનલમેન્ટ થયેથી ટેન્ડરમાં જણાવેલ શરતોને આધિન સમયસર ચોકસાઈથી કામ પુરૂ કરી આપીશ/આપીશું. આ કામગીરી અંગેના નીતિનિયમોને મે/અમે / અમોએ વાંચ્યા છે, સમજ્યા છે અને તેનું પાલન કરવા પણ બંધાઉ છું/બંધાઇએ છીએ આ પછી પણ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા જે હુકમો કે સુચનાઓ પ્રાપ્ત થશે તેનું પાલન કરવા પણ બંધાઉ છું/બંધાઇએ છીએ સર્વે બોલીઓ, શરતો અને કામગીરીની વિગતો અને પધ્ધતિનો કોઈપણ વાંધા વિરોધ કે તકરાર સિવાય સંપૂર્ણપણે બિનશરતી સ્વીકાર કરૂ છું / કરીએ છીએ.

**તા.** ............................

**સ્થળ** ..........................

**સહી** ...............................

**નામ** :..................................................

**હોદ્દોઃ**......................................................

## ક્ષેત્રફળ આધારિત મિલ્કત માપણી અને સર્વે તથા ડેટા એન્ટ્રીની કામગીરી અંગેની શરતો અને બોલીઓ

૧. પસંદગી પામેલ એજન્સીએ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ ,ગાંધીનગર સાથે રૂ!.૧૦૦/-ના નોનજયુડીશીયલ સ્ટેમ્પ પર કરાર કરવાનો રહેશે.

૨. ટેન્ડર દ્વારા પસંદ કરવામાં આવેલી એજન્સીને જયારે કામ આપવામાં આવે ત્યારે, અલગથી જે તે કામની સમયમર્યાદા નક્કી કરવામાં આવશે .એજન્સીએ જે તે સમયમર્યાદામાં રહી ક્ષેત્રફળ આધારિત મિલ્કત માપણી સર્વેનું તથા ડેટા એન્ટ્રીનું કામ પુર્ણ કરવાનું રહેશે.

૩. જો એજન્સીની કામગીરીમાં કચાસ જણાશે તો, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ ધ્વારા જે તે એજન્સીને પેનલમાંથી બહાર કરવાની કારણદર્શક નોટીસ આપવામાં આવશે .ત્યારબાદ સંતોષકારક કામગીરી નહિ જણાય તો, એજન્સીને પેનલમાંથી બહાર કરવામાં આવશે અને સીકયુરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૪. જો એજન્સીની કામગીરી નિમ્ન સ્તરની જણાશે તો, બ્લેકલીસ્ટ કરવા સુધીની કાર્યવાહી ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા કરવામાં આવશે અને આવા કિસ્સામાં પણ સીકયુરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૫. એમ્પેનલ થયેલ એજન્સીએ, મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓ સાથે સંકલનમાં રહી તેમની જરૂરીયાત અનુસાર, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડની સુચનાને ધ્યાનમાં રાખી કામગીરી કરવાની રહેશે.

૬. એજન્સીએ, ક્ષેત્રફળ આધારિત મિલ્કત માપણી સર્વે કામગીરી તથા તેની ડેટા એન્ટ્રીની કામગીરીના નિયત નમૂનાના ભરેલા ફોર્મની, દર પખવાડીયે ચકાસણી કરી ભરેલા ફોર્મની નકલો સાથે તારીજ તથા અહેવાલ અત્રેના બોર્ડને તથા સંબંધિત મહાનગરપાલિકા/નગરપાલિકાને મોકલવાનો રહેશે .

૭. ક્ષેત્રફળ આધારિત મિલ્કત માપણી સર્વે કામગીરી તથા તેની ડેટા એન્ટ્રીની કામગીરીના ફોર્મની બધી વિગતો ચોકસાઇ અને જવાબદારી પુર્વક ભરવાની રહેશે ફોર્મમાં ભરેલી વિગતો અંગેની ભુલો કોઇપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહી. અને ઉપરની શરત નં. ૩ બોર્ડ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે.

૮. ક્ષેત્રફળ આધારિત મિલ્કત માપણી સર્વે તથા ડેટા એન્ટ્રી કામગીરી અંગેના આનુષાંગિક ખર્ચ, જેવા કે સ્ટેશનરી ,ટ્રાવેલીંગ,રહેઠાણ વ્યવસ્થા, કોમ્પ્યુટર - પ્રિન્ટર વગેરે, સર્વે કરનાર એજન્સીએ ભોગવવાનો રહેશે .

૯. પેનલમાંની એજન્સીઓને કામગીરીની અને કાર્યક્ષેત્રની વહેંચણી કરવાના તમામ હક્કો તથા અધિકારો, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના રહેશે, અને તે એજન્સી માન્ય રાખવા બંધાયેલ છે અને એજન્સીનું કાર્યક્ષેત્ર, સમગ્ર ગુજરાત રાજયની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાનો

વિસ્તાર રહેશે. એક જ મહાનગરપાલિકા / નગરપાલિકામાં એક કે વધુ એજન્સીઓને કામગીરી આપવાનો અધિકાર પણ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડને રહેશે.

૧૦. પેનલ હેઠળની એજન્સી તેઓને સોંપાયેલ કામગીરી કોઇપણ પેટા એજન્સીને આપી શકાશે નહીં જો આવું થયેલ જણાશે તો, એજન્સીને તુરંત જ નોટિસ આપ્યા સિવાય, પેનલમાંથી બહાર કરવામાં આવશે.

૧૧. એજન્સીએ, દરખાસ્ત સાથે **રૂા.૫૦,૦૦૦/- ની અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઇ.એમ.ડી),** કોઇપણ રાષ્ટ્રીયકૃત બેંકના ડી.ડી .મારફત, દરખાસ્તના ટેકનીકલબીડ સાથે જમા કરાવવાની રહેશે .જો ટેકનીકલ બીડમાં ઇ.એમ.ડી નહી હોય તો તે દરખાસ્ત આપોઆપ રદ – બાતલ ગણાશે.

૧૨. આ એમ્પેનલમેન્ટ ત્રણ વર્ષના સમયગાળા માટે કરવામાં આવી રહેલ છે .પરંતુ પ્રથમ વર્ષની કામગીરીના પરફોર્મન્સના આધારે, બીજા કે ત્રીજા વર્ષ માટે એમ્પેનલમાં ચાલુ રાખવા અંગે તથા આ સમયબાદ પેનલ જાળવી રાખવી કે કેમ તે નક્કી કરવાનો હક્ક ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડને અબાધિત રહેશે.

૧૩. ટેકનીકલ બીડ, બે નકલોમાં અલગ નાના કવરમાં મૂકવાનું રહેશે ( એક અસલ + એક નકલ) ફાઇનાન્સીયલ બીડ માત્ર અસલમાં, અલગ નાના સીલબંધ કવરમાં જ મૂકવાનું રહેશે બંને કવર ઉપર અનુક્રમે " **ક્ષેત્રફળ આધારિત મિલ્કત માપણી સર્વે કામગીરી તથા તેની ડેટા એન્ટ્રીની કામગીરી માટે ટેકનીકલ બીડ** " / " **ક્ષેત્રફળ આધારિત મિલ્કત માપણી સર્વે કામગીરી તથા તેની ડેટા એન્ટ્રીની કામગીરી માટે ફાઇનાન્સીયલ બીડ** " એમ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે અને બંને કવરો એક મોટા કવરમાં મુકી કવર ઉપર "**ક્ષેત્રફળ આધારિત મિલકત માપણી સર્વે કામગીરી તથા તેની ડેટા એન્ટ્રીની કામગીરીનું ટેન્ડર**" એમ દર્શાવવાનું રહેશે.

૧૪ દરખાસ્તો કુરીયર સ્પીડપોસ્ટથી **ગુજરાત મ્યુનિસીપલ ફાઇનાન્સ બોર્ડ, બોર્ડ નિગમ વિસ્તાર, સેકટર ૧૦, એ, ગાંધીનગર**ના સરનામે મોકલવાની રહેશે. રૂબરૂમાં દરખાસ્તો સ્વીકારવામાં આવશે નહીં.

૧૫ ઇ.એમ.ડી. ની રકમનો ડી.ડી. ટેકનીકલ બીડના કવરમાં મુકવાના રહેશે .જો એજન્સી ભુલથી પણ ફાઇનાન્સીયલ બીડના કવરમાં મુકશે તો તે ગણત્રીમાં લેવામાં આવશે નહીં અને આવી દરખાસ્તો રદ – બાતલ ગણાશે.

૧૬. આ અંગે વધુ વિગતો માટે ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડનો, કચેરી સમય દરમ્યાન સંપર્ક કરી શકાશે .

૧૭. ટેકનીકલ બીડ ખોલવાની તારીખ અને સમય અલગથી જણાવવામાં આવશે. એજન્સીના પ્રતિનિધિઓ ટેકનીકલ બીડ ઓપનીંગમાં હાજર રહી શકશે.

૧૮. ફાઇનાન્સીયલ બીડ ખોલવાની તારીખ અલગથી સુચિત કરવામાં આવશે. માત્ર તાંત્રિક રીતે પસંદ થયેલ એજન્સીઓના જ ફાઇનાન્સીયલ બીડ જ ખોલવામાં આવશે. નાપસંદ થયેલ એજન્સીઓની ઇ.એમ.ડી .ત્રણ માસના સમયગાળામાં વ્યાજ વગર પરત કરવામાં આવશે.

૧૯ **પેનલ માટે પસંદ થયેલ એજન્સીએ, સીક્યોરીટી ડીપોઝીટની રકમ રૂા.૨,૦૦,૦૦૦/-,** બેંક ગેરન્ટી અથવા ફીક્સ ડીપોઝીટ સ્વરૂપે, ટેન્ડર સ્વીકાર થયેથી, મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત

મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના નામે પ્લેજ (Pledge) કરવાની રહેશે. સીક્યોરીટી ડીપોઝીટની રકમ કરારની મુદત પૂર્ણ થયાના એક માસ બાદ એજન્સીની સેવાઓ સંતોષકારક જણાયે, એજન્સીને પરત ચૂકવવામાં આવશે સીક્યોરીટી ડીપોઝીટની રકમ ઉપર કોઈપણ પ્રકારનું વ્યાજ મળવાપાત્ર થશે નહી.

૨૦. ક્ષેત્રફળ આધારિત પ્રોપર્ટી ટેક્ષ લાગુ કરવા મિલ્કતોના સર્વે કામગીરી તથા તેની ડેટા એન્ટ્રીની કામગીરી માટે, એજન્સીએ અનુભવ અને લાયકાત ધરાવતાં વ્યકિતઓને જ સર્વે કામગીરી તથા તેની ડેટા એન્ટ્રીની કામગીરીમાં રાખવાના રહેશે અને સદર વ્યકિતઓની યાદી, લાયકાત અને અનુભવની વિગતો સાથે, અત્રેના બોર્ડને તથા મહાનગરપાલિકા/ નગરપાલિકાના સંબંધિત અધિકારીને રજુ કરવાની રહેશે.

૨૧. એજન્સી દ્વારા રોકવામાં આવનાર કર્મચારીઓ દ્વારા, તેમની અણઆવડત, બેદરકારી કે હેતુપૂર્વક તથા અન્ય કોઈ કારણસર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સરકારશ્રીને નુકશાન થાય તો, તે નુકશાન એજન્સી, ભરપાઈ કરવા જવાબદાર રહેશે.

૨૨. કચેરીના જવાબદાર અધિકારીને, એજન્સીના કર્મચારીની સેવા નિશ્ચિત ધોરણ અનુસારની પ્રાપ્ત થતી ન લાગે તો જે તે કર્મચારીને બદલી, અન્ય કર્મચારી મુકવાના રહેશે.

૨૩. આ કામગીરી માટેના તમામ ચૂકવણાઓ સ્ટેટ લેવલ પ્રોપર્ટી ટેક્ષ બોર્ડ, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે.

| |
|---|
| |

**ઉપરોકત બોક્ષમાં )સંસ્થાનો સિક્કો (લગાવવો.** **સહી.....................................**

**તા. ...........................** **(નામ)...................................**

**સ્થળ .........................** **હોદ્દોઃ..........................................**

# <u>ફાયનાન્સીયલ બીડ</u>

**ક્ષેત્રફળ આધારિત મિલકત માપણીના ટેન્ડર માટે એજન્સીને સ્વીકાર્ય ભાવો**

વિસ્તૃત રીતે મિલ્કતોનો અભ્યાસ કર્યા પછી, મિલ્કતોને ૪ (ચાર) ભાગમાં વિભાજીત કરી એજન્સીએ બધા કામના માપણી મુજબ થતા ક્ષેત્રફળ અનુસાર નીચે દર્શાવેલ ચાર રેન્જ મુજબ મિલ્કતદીઠ તમામ કરવેરા સહિતના ભાવો અલગથી સીલ બંધ કવરમાં આપવાના રહેશે. કવર ઉપર " **ક્ષેત્રફળ આધારિત મિલ્કત માપણી સર્વે કામગીરી તથા તેની ડેટા એન્ટ્રીની કામગીરી માટે ફાઇનાન્સીયલ બીડ** " દર્શાવવાનું રહેશે.

| રેન્જ | મિલ્કતોનું ક્ષેત્રફળ આધારિત વિભાજન | મિલ્કત દીઠ રકમ રૂ. (આંકડા અને શબ્દોમાં) | |
|---|---|---|---|
| | | આંકડા | શબ્દોમાં |
| ૧ | ૧૦૦ ચો.મી .સુધીના ક્ષેત્રફળ વાળી મિલ્કતો | | |
| ૨ | ૧૦૧ ચો.મી .થી વધુ અને ૨૫૦ ચો.મી સુધીના ક્ષેત્રફળ વાળી મિલ્કતો | | |
| ૩ | ૨૫૧ ચો.મી થી વધુ અને ૫૦૦ ચો.મી. સુધી ક્ષેત્રફળ વાળી મિલ્કતો | | |
| ૪ | ૫૦૧ કે તેથી વધુ ચો.મી.ના ક્ષેત્રફળ વાળી મિલ્કતો | | |

**ઉપરોકત બોક્ષમાં )સંસ્થાનો સિક્કો (લગાવવો.** **સહી...................................**

**તા. ...........................** **(નામ)..................................**

**સ્થળ .........................** **હોદ્દોઃ..........................................**

# <u>ક્ષેત્રફળ આધારિત મિલકત માપણી સર્વે તથા ડેટા એન્ટ્રીની કામગીરી માટેની કાર્યપધ્ધતિ</u>

**મિલકત માપણી સર્વે તથા ડેટા એન્ટ્રીની કામગીરી માટે નીચે મુજબની કાર્યપધ્ધતિ રહેશે.**

૧. માપણી અંગેના કોરા ફોર્મ, સ્ટેટ લેવલ પ્રોપર્ટી ટેક્ષ બોર્ડ, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા પુરા પાડવામાં આવશે.

૨. મિલકતોની માપણી મહાનગરપાલિકાઓ/ નગરપાલિકાઓમાં કાર્પેટ એરીયાના ધોરણે કરવાની રહેશે.

૩. સર્વે કામગીરી માટેના મહાનગરપાલિકા તથા નગરપાલિકાના ફોર્મનો નમુનો ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડની વેબસાઇટ ઉપરથી જોઇ શકાશે.

૪. મિલકતોની માપણી માટે, ઇલેકટ્રોનીક મેઝરમેન્ટ, મશીનો કે માપપટ્ટી કે ટેપનો ઉપયોગ કરી શકાશે.

૫. મિલકતોની માપણી, પ્રી - કાર્બન ડુપ્લીકેટ કોપીમાં કરવાની રહેશે. સર્વેયર દ્વારા માપણીની કામગીરી પુર્ણ થયે, નકલ કોપી ઉત્તરદાતાને તેના રેકોર્ડ માટે આપી દેવાની રહેશે.

૬. સર્વેયરની કામગીરી પૂર્ણ થયે, સાત દિવસની અંદર એજન્સીના સુપરવાઇઝરે, મિલકતની ફેર મુલાકાત લઇ તમામ વિગતો ચકાસવાની રહેશે, તેમજ ફેર ચકાસણી હેતુની મુલાકાતના પુરાવા રૂપે ઉત્તરદાતાની સહી પણ લેવાની રહેશે. એક રજીસ્ટરમાં ૧૦૦૦ મિલકતો સુધીની વિગતો સમાવી શકાશે.

૭. આમ ઉપર મુજબ જણાવ્યા અનુસાર દરેક મિલકત માટે વેરીફીકેશન ફરજીયાત રહેશે. વેરીફાઇ થયેલ તમામ માપણી ફોર્મની ડેટા એન્ટ્રી, ૧૫ દિવસમાં કરી, અસલ ફોર્મ તથા ડેટા એન્ટ્રીનો તમામ વિગતો સહિતનો રીપોર્ટ, મહાનગરપાલિકા / નગરપાલિકામાં તથા તેની નકલ અત્રેની કચેરીમાં જમા કરાવવાનો રહેશે.

૮. ડેટા એન્ટ્રી માટેનું સોફ્ટવેર મોડયુલ, સ્ટેટ લેવલ પ્રોપર્ટી ટેક્ષ બોર્ડ, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ અથવા બોર્ડની સુચના મુજબ સ્થાનિક શહેરી સંસ્થા દ્વારા પુરૂ પાડવામા આવશે.